કેસ રજૂ તારીખ :– ૧૦–૦૬–૨૦૨૫
કેસ દાખલતારીખ :– ૧૦–૦૬–૨૦૨૫
કેસ નિકાલ તારીખ :– ૦૯–૦૩–૨૦૨૬
સમય અવધિ :–વર્ષ: :માસ: :દિવસ:

सत्य मेव जयते

**મે. સતલાસણાનાં જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ જે.ડી. પટેલ સાહેબની કોર્ટ સમક્ષ મું.સતલાસણા**

**ફોજદારી કેસ નં. ૨૧૨/૨૦૨૫**
**આંક :– ૨૨**

ફરિયાદી : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** : **(૧).** ચૌહાણ જસપાલસિંહ દિપસિંહ ભુપતસિંહ ,
ઉ.વ.આ.પુખ્ત,
રહે. મોટા કોઠાસણા, તા.સતલાસણા,
જિ. મહેસાણા.

---

સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.સી.ગોસ્વામી
આરોપી તરફે વિ. વ.શ્રી એસ.જી. ચૌહાણ

---

ગુન્હો : જી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબ...

---

**–:: ચુકાદો ::–**

(૧) ફરિયાદ પક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે,

આ કામના આરોપીએ તા.૨૧–૦૩–૨૦૨૫ ના રોજ કલાક–૧૭–૩૦ ના સુમારે મોજે–જીવનધારા ચોકડી, સતલાસણા મુકામે રસ્તા પાસે જાહેર રોડ ઉપર પોતાની પાસે પરમીટ વગર લોખંડનો ધારદાર છરો રાખી મુદ્દામાલ રાખી પોલીસ રેઈડ દરમ્યાન હાજર મળી આવી, જિલ્લા મેજી.શ્રી,મહેસાણાનાઓના જાહેરનામાનો ભંગ કરી પકડાઈ જઈ ગુનો કરેલ હોઈ, આ કામનાં ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ સતલાસણા પો.સ્ટે.માં જી.પી.એકટ કલમ–૧૩૫

(૧) અન્વયે ફરીયાદ આપતાં, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં હાલનાં ગુના અન્વયે અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી વિરૂધ્ધનું ચાર્જશીટ દાખલ થતા આરોપીને પ્રોસેસ કરતા આરોપી હાજર થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ ૨૩૦ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી **આંક–૪ થી** આરોપીનો જવાબ રેકર્ડ કરતા આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

(૩) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| ક્રમ | આંક | સાહેદો |
|---|---|---|
| ૧ | ૦૭ | પંચ સાહેદ ચૌહાણ સિધ્ધરાજસિંહ ભીખુસિંહની જુબાની |
| ૨ | ૧૧ | પંચ સાહેદ ચૌહાણ મહેન્દ્રસિંહ રાજુસિંહની જુબાની |
| ૩ | ૧૨ | ફરિયાદી સાહેદ ગોવાજી ગંભીરજીની જુબાની |
| ૪ | ૧૭ | ત.ક.અમલદાર ધારવા રાજનભાઈ મુકેશભાઈની જુબાની |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| ક્રમ | આંક | દસ્તાવેજોનું વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૮ | મુદ્દામાલ રીકવરીનુ પંચનામુ |
| ૨ | ૧૩ | ફરીયાદ |
| ૩ | ૧૮ | ગુન્હો રજી. કરવાનો રીપોર્ટ |
| ૪ | ૧૯ | ડેપ્યુટ હુકમ |
| ૫ | ૨૦ | જીલ્લા મેજી.શ્રીનુ જાહેરનામું |
| ૬ | ૨૧ | કલમ–૬૩(૪)(સી) નુ સર્ટીફીકેટ. |

આ કામે ફરીયાદ પક્ષે આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરવા માંગતા નથી તેમ એ.પી.પી.શ્રી ધ્વારા મૌખિક જાહેર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે.

(૪) ત્યારબાદ, સદર કામે આરોપીપક્ષે આરોપીનુ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વધારાનું નિવેદન લેવા જેટલો પુરાવો ન હોય જેથી સદર કેસના કામે આરોપીનુ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વધારાનું નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) બન્ને પક્ષે દલીલો સાંભળવામાં આવેલ છે. વિ.એ.પી.પીશ્રીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, ફકત પંચ સાહેદ ફરીયાદ પક્ષના કેસને સર્મથન આપતા ન હોવાના માત્ર કારણસર ફરીયાદ પક્ષનો કેસ ફગાવી દઈ શકાય નહી. જેથી આરોપી સામેનો કેસ ફરીયાદ પક્ષે સાબીત કરેલ હોય આરોપીને મહતમ સજા કરવી જોઈએ.

આરોપીના વિ.વ.શ્રીએ દલીલમા જણાવેલ છે કે જયારે જે પંચ સાહેદની હાજરીમાં ફરીયાદ પક્ષે મુદ્દામાલ કબજે કરેલ હોવાનો ફરીયાદ પક્ષનો કેસ છે તે પંચ સાહેદ તેઓએ ફકત તૈયાર પંચનામામાં સહી જ કરેલ હોવાની અને પંચનામાની હકીકતે તેઓ કંઈ જાણતા નહીં હોવાની હકીકત જણાવતા હોય, ત્યારે સમગ્ર રેડ શંકાસ્પદ બને છે. જેથી ફરીયાદ પક્ષના કેસમાં મહત્વની શંકા ઉભી થાય છે. પોલીસ સાહેદની જુબાની નેચરલ નથી અને સંખ્યાબંધ હકીકતો કે જે સમગ્ર રીતે કોઈપણ વ્યકિતને યાદ ન રહી શકે તેવી કોઈપણ જાતના ડોકયુમેન્ટ રીફર કર્યા સિવાય પોલીસ સાહેદો મોઢે જણાવે છે જે બાબત સદર સાહેદોની જુબાની નેચરલ હોવાનું જણાતું નથી. આથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

(૬) સદર કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિતિ થાય છે.

**–:: મુદ્દા ::–**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૧–૦૩–૨૦૨૫ ના રોજ કલાક–૧૭–૩૦ના સુમારે મોજે–જીવનધારા ચોકડી, સતલાસણા મુકામે રસ્તા પાસે જાહેર રોડ ઉપર પોતાની પાસે પરમીટ વગર લોખંડનો ધારદાર છરો રાખી મુદ્દામાલ રાખી પોલીસ રેઈડ દરમ્યાન હાજર મળી આવી, જિલ્લા

મેજી.શ્રી,મહેસાણાનાઓના જાહેરનામાનો ભંગ કરી પકડાઈ જઈ ગુનો કરેલ હોઈ, જી.પી.એકટ કલમ–૧૩૫ (૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**મુદ્દા નંબર–૧ અને ૨ અંગે :–**

(૮) આ કામે ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષે તપાસેલ પંચ સાહેદો કે જેઓની હાજરીમાં આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હતો અને જેઓ વાદગ્રસ્ત રેડના સ્વતંત્ર સાહેદો છે, તે પંચ સાહેદો તેઓની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોવાનું જણાવતા નથી અને તેઓ પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાની હકીકત જણાવે છે. વધુમાં, આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ કબુલ રાખે છે કે, તેઓએ તૈયાર પંચનામામા સહી કરેલી તે સીવાય તેઓ કશું જાણતા નથી. આમ આ કામે પંચ સાહેદોની જુબાની ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતી નથી.

(૯) વધુમાં,હાલના કામે ફરીયાદી ગોવાજી ગંભીરજી તથા ત.ક.અમલદારશ્રી ધારવા રાજનભાઈ મુકેશભાઈએ પોલીસ સાહેદો છે. પોલીસ સાહેદોની જુબાની ધ્યાને લેતાં તેઓની જુબાની નેચરલ જણાતી નથી. આ કામે આંક–૧૨ થી તપાસવામા આવેલ ફરીયાદી સાહેદ ગોવાજી ગંભીરજીની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસમાં તેઓના ઉપરી અધિકારી ધ્વારા અવાર નવાર કેસો કરવાની સુચના આપવામાં આવતી હોવાની હકીકતો સ્વીકાર કરેલ છે. પ્રથમ ફરીયાદ આપેલી અને બાદમાં પંચનામુ કરેલ. તેમજ ફરીયાદમાં પંચોના નામ જણાવેલ ન હોવાની હકીકત સ્વિકારેલ છે. ત્યારબાદ, આંક–૧૭ થી તપાસવામાં આવેલ ત.ક.અમલદાર ધારવા રાજનભાઈ મુકેશભાઈની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓની રૂબરૂની ફરીયાદમાં પંચોના નામ જણાવેલ ન હોવાની હકીકત સ્વિકારેલ છે તેમજ તેઓના ઉપરી અધિકારી ધ્વારા અવાર નવાર કેસો કરવાની સુચના આપવામાં આવતી હોવાની

હકીકતો સ્વીકાર કરેલ છે. વધુમાં, ફરીયાદપક્ષે કોઈ જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હતાં છતાં કોઈ સ્વતંત્ર સાહેદો ફરીયાદ પક્ષે રજુ રાખેલ નથી. આમ, પોલીસ સાહેદોના પુરાવો શંકાસ્પદ જણાય છે. તેમજ પોલીસ સાહેદ રેડીંગ પાર્ટીના સાહેદ છે અને ફકત રેડીંગ પાર્ટીના સાહેદની જુબાનીના આધારે જ આરોપીને તકસીરવાન ઠરાવવા જોખમકારક છે. આમ, ફરીયાદપક્ષ સદર પંચોની રૂબરૂમાં મુદ્દામાલ લોખંડનો છરો આરોપી પાસેથી કબજે કરેલ હોવાની હકીકત વ્યાજબી શંકાથી પર પ્રસ્થાપિત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નીવડયો છે. જેથી આરોપીને પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચિત જણાતું હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

## **-:: હુ ક મ ::-**

૧. આ કામના આરોપી ચૌહાણ જસપાલસિંહ દિપસિંહ ભુપતસિંહને બી.એન.એસ.એસ. કલમ-૨૭૮(૧) અન્વયે, જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબનાં શિક્ષાનેપાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨. મુદામાલ પાવતીમા રજુ મુદ્દામાલનો છરો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીએ બી.એન.એસ.એસ. કલમ-૪૮૧ અન્વયે અપીલ સમય સુધીના જામીન રજુ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯-૦૩-૨૦૨૬ ( જૈમિન ધીરુભાઈ પટેલ )
સ્થળ : સતલાસણા જયુડી.મેજી.ફ.ક.સતલાસણા
યુનીક જજ કોડ જીજે ૦૧૬૧૩